# CGMS - 2026

| કેટેગરી |
|---|
| A |

કુલ સમય : 150 મિનિટ

કુલ ગુણ : 120

બેઠક નંબર :

| CGMS-G | પ્રશ્ન પુસ્તિકા નં
QUESTION PAPER NO.
A 2735186
SEAL SEAL SEAL SEAL SEAL SE

## પરીક્ષાર્થીઓ માટે સૂચના

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
4. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.
5. OMR અને હોલટીકીટની સૂચનાઓ પણ ધ્યાને લેવી.
6. આ પ્રશ્નપત્રની કેટેગરી (A, B, C, D, E) પૈકી જે કેટેગરી પ્રશ્નપત્રની ઉપર ખૂણામાં દર્શાવી છે તે કેટેગરી OMR માં છે તે ચેક કરવું.

## રફ કામ માટેનું પેઈજ

(1) અવકાશ વિજ્ઞાન : ઈસરો :: પરમાણુ વિજ્ઞાન : ?

(A) પીઆરએલ (PRL) (B) અટિરા (ATIRA)

(C) બીએઆરસી (BARC) (D) ડીઆરડીઓ (DRDO)

(2) રામ : વશિષ્ઠ :: કૃષ્ણ : ?

(A) સાંદીપની (B) દ્રોણાચાર્ય

(C) ઓધવજી (D) સુદામા

(3) વિરોધી સંખ્યા : સરવાળો શૂન્ય :: વ્યસ્ત સંખ્યા : ?

(A) ગુણાકાર શૂન્ય (B) ગુણાકાર એક

(C) બાદબાકી શૂન્ય (D) સરવાળો એક

(4) તાંબુ, લોખંડ, એલ્યુમિનિયમ, ઝિંક - આપેલ જૂથમાં શું જૂદુ પડે છે ?

(A) તાંબુ (B) લોખંડ

(C) એલ્યુમિનિયમ (D) ઝિંક

(5) ભોપાલ, લખનૌ, જયપુર, અમદાવાદ - આપેલ જૂથમાં શું બંધબેસતું નથી ?

(A) અમદાવાદ (B) ભોપાલ

(C) જયપુર (D) લખનઉ

(6) આ બળતણનું સંપૂર્ણ દહન થશે.

(A) લાકડું (B) કોલસો

(C) ડીઝલ (D) LPG

(7) 5, 7, 15, 19, 25, 31, 35, 43, ........, ........ ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ?


(A) 45, 53 (B) 45, 55

(C) 42, 54 (D) 40, 50

(8) શ્રેણી પૂર્ણ કરો. 68, 72, 32, 36, 14, 18, ........


(A) 5 (B) 9



(C) 10 (D) 22



(9)  આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણ છે ?


(A) 8 (B) 12


(C) 16 (D) 18



(10)  '?' ની જગ્યાએ કઈ ઘડિયાળ આવશે ?


(A)  (B) 



(C)  (D) 



(11)  .............. ખાલી જગ્યામાં કઈ આકૃતિ આવશે ?

(A)  (B) 

(C)  (D) 

(12)  આ આકૃતિમાં અરીસામાં જોતા તે કેવી દેખાશે ?

(A)  (B) 

(C)  (D) 

(13) મોતિયો : આંખ :: કમળો : ?

(A) હૃદય (B) લિવર

(C) કિડની (D) ફેફસાં

(14) ચીન : બેઈજિંગ :: ઈરાન : ?

(A) ટોક્યો (B) સિઊલ

(C) હોંગકોંગ (D) તેહરાન

(15) પુસ્તક : પ્રકાશક :: ફિલ્મ : ?

(A) લેખક (B) સંપાદક

(C) દિગ્દર્શક (D) નિર્માતા

(16) 40 ના અડધાના બમણાં કેટલા થાય ?

(A) 20 (B) 40

(C) 22 (D) 21

(17) વર્તુળનો અડધો ભાગ એટલે ?

(A) અર્ધવર્તુળ (B) ત્રિજ્યા

(C) વ્યાસ (D) જીવા

(18) જો GSQAC ને અંગ્રેજી મૂળાક્ષરો પ્રમાણે ગોઠવવામાં આવે તો ડાબેથી જમણે જોતાં કયો અક્ષર (Alphabet) ત્રીજો થશે ?

(A) S (B) Q

(C) C (D) G

(19) જો EDUCATION ને અંગ્રેજી મૂળાક્ષરો પ્રમાણે ગોઠવવામાં આવે તો ACDEINOTU શબ્દ બને છે. તો GUJARAT માટે નીચેમાંથી શું સાચું છે ?

(A) AAJGRTU (B) AAGJRTU

(C) GAARTUJ (D) AAGJRUT

(20) જો EXAMINATION શબ્દમાંથી બધા સ્વરોને (VOWEL) દૂર કરવામાં આવે અને બાકી રહેલા મૂળાક્ષરોને ક્રમ પ્રમાણે ગોઠવવામાં આવે તો તેમાં પ્રથમ વ્યંજન (Consonants) કયુ હશે ?

(A) T
(B) N
(C) X
(D) M

(21) કોઈ એક સાંકેતિક ભાષામાં STUDENT ને 19-20-21-4-5-14-20 તરીકે કોડ કરવામાં આવે છે તો TEACHER ને કેવી રીતે કોડ કરવામાં આવશે ?

(A) 20-5-1-3-8-5-18
(B) 21-6-2-4-9-6-19
(C) 20-1-5-3-8-5-18
(D) 19-4-1-2-7-4-17

(22) એક પુરુષ તરફ સંકેત દર્શાવતા એક સ્ત્રીએ કહ્યું "તેની મા, મારી માની એક માત્ર પુત્રી છે." તો તે સ્ત્રીનો તે પુરુષ સાથે કયા પ્રકારનો સંબંધ છે.

(A) મા
(B) દાદી
(C) બહેન
(D) પુત્રી

(23) જો '+' નો અર્થ '×', '–' નો અર્થ '+', '×' નો અર્થ '÷' તથા '÷' અર્થ '–' થતો હોય તો $6 - 9 + 8 \times 3 \div 20$ નું સાદુંરૂપ શું થાય ?

(A) 18
(B) 14
(C) 12
(D) 10

(24) રમેશ મૂળ જગ્યાએથી 8 મીટર પૂર્વ દિશામાં ચાલે છે. ત્યાંથી 6 મીટર ઉત્તર દિશામાં ચાલે છે. ત્યાંથી 8 મીટર પશ્ચિમ દિશામાં ચાલે છે તો તે મૂળ જગ્યાએથી કેટલા મીટર કઈ દિશામાં હશે ?

(A) 22 મીટર ઉત્તર
(B) 6 મીટર પશ્ચિમ
(C) 22 મીટર પશ્ચિમ
(D) 6 મીટર ઉત્તર

(25) એક વર્ગના હાજરી પત્રકમાં સુમન 5 માં સ્થાને છે. મહેશ છેલ્લેથી 8 મા સ્થાન છે, રમિલા સુમન પછી છઠ્ઠા ક્રમે તેમજ મહેશ અને સુમનની બરાબર વચ્ચે હોય તો વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે ?

(A) 25
(B) 24
(C) 23
(D) 40

(26) આપેલ વિકલ્પમાંથી શબ્દનો ક્રમ અર્થપૂર્ણ રીતે થાય તેમ ગોઠવો.

(1) દહીં (2) ઘાસ (3) માખણ (4) દૂધ (5) ગાય

(A) 5, 2, 3, 1, 4
(B) 4, 2, 3, 1, 5
(C) 5, 2, 4, 1, 3
(D) 3, 2, 5, 1, 4

(27) આપેલ વિકલ્પોને ચઢતા ક્રમમાં ગોઠવો.

(1) ક્વિન્ટલ (2) ગ્રામ (3) ટન (4) કિલોગ્રામ (5) મિલીગ્રામ

(A) 5, 2, 4, 1, 3 (B) 5, 2, 4, 3, 1

(C) 2, 5, 4, 1, 3 (D) 2, 4, 5, 1, 3

(28) COMPUTER શબ્દના મૂળાક્ષરોને અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે ગોઠવતા બનતો નવો શબ્દ કયો ?

(A) CEMOPRUT (B) CEMORPTU

(C) CEMOPRTU (D) CEMORTPU

(29) A = 1, B = 2, C = 3, ......... Z = 26 લેતા નીચેનામાંથી કોનો સરવાળો 35 ન થાય.

(A) A + Z + H (B) F + P + M

(C) J + K + N (D) I + P + K

(30) નીચેનામાંથી કયો મહિનો બાકિનાથી જુદો પડે છે ?

(A) જાન્યુઆરી (B) મે

(C) જુલાઈ (D) સપ્ટેમ્બર

(31) નીચેનામાંથી કયો વિકલ્પ બાકીના વિકલ્પથી જુદો પડે છે ?


(A) કાર્બન ડાયોક્સાઈડ (B) એમોનિયા


(C) હાઈડ્રોજન (D) પારો



(32) જો કોઈ એક માસની 7 તારીખે શુક્રવાર હોય તો તે જ માસની 30 તારીખે કયો વાર હોય ?

(A) રવિવાર (B) શનિવાર

(C) સોમવાર (D) શુક્રવાર


(33)  ની દર્પણ આકૃતિ કઈ હશે ?


(A)  (B) 


(C)  (D) 

(34) આપેલ આકૃતિ પૈકી કઈ આકૃતિ અલગ પડે છે ?

(A) 


(B) 


(C) 

(D) 

(35) નીચે આપેલી મેચસ્ટીક પેટર્નને આગળ વધારતા તેના પછીની આવતી ચોથા ક્રમની પેટર્ન માટે કેટલા દિવાસળીની જરૂર પડશે ?


(1) 

(2) 

(3) 

(A) 22
(B) 20
(C) 17
(D) 25

(36) નીચેની આકૃતિમાં $x$ ની જગ્યાએ શું આવશે ?




(A) 136
(B) 144
(C) 172
(D) 240

(37) રમેશ મૂળ જગ્યાએથી 3 કિ.મી. ઈશાન દિશામાં ચાલે છે. ત્યાંથી $90^0$ ના ખૂણે વાયવ્ય દિશામાં 4 કિ.મી. ચાલે છે. તો રમેશ મૂળ જગ્યાએથી કેટલા કિ.મી. દૂર હશે ?

(A) 7 કિ.મી.
(B) 5 કિ.મી.
(C) 6 કિ.મી.
(D) 12 કિ.મી.

(38) અંગ્રેજી મૂળાક્ષરની શરૂઆતથી 10 મા ક્રમે આવેલ મૂળાક્ષરથી ડાબી બાજુએ ત્રીજા ક્રમે આવેલ મૂળાક્ષર કયો ?

(A) M
(B) G
(C) H
(D) F

(39) દર્શાવેલ વિકલ્પોમાંથી અલગ પડતો વિકલ્પ શોધો.

(A) 14 (B) 21

(C) 49 (D) 64

(40) સૂર્યોદય સમયે પડછાયો કઈ દિશામાં હોય ?

(A) પશ્ચિમ (B) પૂર્વ

(C) ઉત્તર (D) દક્ષિણ

(41) નીચેનામાંથી કયું ખોટું છે ?

(A) $\frac{1}{3}+\frac{5}{4}=\frac{5}{4}+\frac{1}{3}$ (B) $\frac{1}{3}\times\frac{5}{4}=\frac{5}{4}\times\frac{1}{3}$

(C) $\frac{1}{3}-\frac{5}{4}=\frac{5}{4}-\frac{1}{3}$ (D) $\frac{1}{3}\div\frac{5}{4}=\frac{1}{3}\times\frac{4}{5}$

(42) સમીકરણ $\frac{x}{3}-\frac{1}{3}=\frac{x}{3}+\frac{1}{2}$ નો ઉકેલ શું મળે ?

(A) 6 (B) 5


(C) 3 (D) 1

(43) એક નિયમિત બહુકોણના દરેક બહુકોણનું માપ $72^0$ છે, તો તે કયો બહુકોણ હોય ?

(A) પંચકોણ (B) ષટકોણ

(C) સપ્તકોણ (D) અષ્ટકોણ

(44) બે મિત્રો ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણેના પત્તા (કાર્ડસ) રમી રહ્યા છે. જો એક મિત્ર એક પત્તુ જોયા વગર ઊઠાવે તો એ પત્તુ 1 નું હોય તેની સંભાવના કેટલી ?




(A) $\frac{1}{5}$ (B) $\frac{3}{5}$

(C) $\frac{2}{5}$ (D) $\frac{4}{5}$

(45) નીચેના પૈકી કઈ સંખ્યા બેકી સંખ્યાનો વર્ગ છે ?

(A) 625 (B) 441

(C) 169 (D) 144

(46) એક ક્રિકેટ ટીમ એક વર્ષમાં 8 મેચ જીતી છે. જો તેમને જીતેલી મેચની ટકાવારી 20% હોય, તો તેઓ એક વર્ષમાં કેટલી મેચ રમ્યા હશે ?

(A) 16 (B) 40

(C) 20 (D) 28

(47) $(2x + 3)$ અને $(4x - 5)$ નો ગુણાકાર કેટલો થાય ?

(A) $8x^2 - 12x - 15$ (B) $8x^2 - 2x - 15$

(C) $8x^2 + 22x + 15$ (D) $8x^2 + 2x - 15$

(48) $\left(\frac{-2}{5}\right)^{-11}$ નો વ્યસ્ત શું થાય ?

(A) $\left(\frac{-2}{5}\right)^{11}$ (B) $\left(\frac{2}{5}\right)^{11}$

(C) $\left(\frac{5}{-2}\right)^{11}$ (D) $\left(\frac{5}{2}\right)^{11}$

(49) $P^2 - 6P - 16$ પદાવલિના અવયવ મેળવો.

(A) $(P + 8)(P - 2)$ (B) $(P + 8)(P + 2)$

(C) $(P - 8)(P + 2)$ (D) $(P - 8)(P - 2)$

(50) કઈ સંખ્યા પૂર્ણ ઘન છે ?

(A) 216 (B) 100

(C) 625 (D) 324

(51) રૂા. 7500 નું 10% લખે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજમુદ્દલ કેટલું થાય ?

(A) રૂા. 9575 (B) રૂા. 9075

(C) રૂા. 9500 (D) રૂા. 9000

(52) $(5^0 + 2^{-1}) \times 2^2$ ની કિંમત કેટલી થાય ?

(A) 22
(B) 10
(C) 40
(D) 6

(53) જો $x + y = 12$ અને $x - y = 4$ હોય તો $x$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 6
(B) 8
(C) 10
(D) 12


(54) એક થિયેટરમાં 65% પુરુષો છે. જો સ્ત્રીઓની સંખ્યા 504 હોય તો પુરુષોની સંખ્યા કેટલી હશે ?

(A) 1176
(B) 1408
(C) 1440
(D) 936

(55) 27 કિ.મી. મુસાફરી કર્યા પછી બસ દ્વારા મુસાફરીનો $\frac{3}{5}$ ભાગ હજુ બાકી છે તો આખી મુસાફરી કેટલા કિ.મી. ની હશે?

(A) 67.5 km
(B) 135 km
(C) 60.5 km
(D) 155 km

(56)




આપેલ આકૃતિમાં $\Delta ABC$ એ સમદ્વીભુજ ત્રિકોણ છે. જેમાં $AB = AC$ છે. E અને F અનુક્રમે AC અને AB ના મધ્યબિંદુઓ છે. તો નીચેનામાંથી કયું વિધાન સાચું છે.

A. $BE = CF$

B. $\Delta BCF = \Delta CBE$

C. $\angle EBC = \angle FCB$

(A) ફક્ત A અને C
(B) ફક્ત B અને C
(C) ફક્ત B
(D) A, B અને C બધાજ

(57) એક સમબાજુ ચતુષ્કોણ (Rhombus) આકારની પતરાની શીટ છે. તેના વિકર્ણોની લંબાઈ 10 મીટર અને 8 મીટર છે. શીટને બંને તરફ રંગ કરવાની છે. જો તેનો ખર્ચ પ્રતિ મીટર$^2$ 70 રૂપિયા હોય તો કુલ ખર્ચ કેટલો થશે ?

(A) 5600 રૂપિયા
(B) 4000 રૂપિયા
(C) 2800 રૂપિયા
(D) 2000 રૂપિયા

(58) એક વિદ્યાર્થીને ચાર વિષયોમાં 100 ગુણમાંથી અનુક્રમે 95, 72, 73 અને 83 ગુણ મેળવ્યા છે. જો તેને સરેરાશ 75 ગુણથી વધારે અને 80 ગુણથી ઓછી મેળવવી હોય તો તેને પાંચમાં વિષયમાં કેટલા ગુણ મેળવવા જોઈશે.

(A) 52 થી 77 ગુણની વચ્ચે
(B) 25 થી 75 ગુણની વચ્ચે
(C) 75 થી 80 ગુણની વચ્ચે
(D) 73 થી 100 ગુણની વચ્ચે

(59) એક થેલીમાં 5 લાલ, 4 કાળા અને 3 વાદળી દડા છે. થેલીમાંથી એક દડાને યાદચ્છિક (randomly) કાઢવામાં આવે તો કાઢવામાં આવેલ્ દડો લાલ ન હોય તેની સંભાવના શોધો.

(A) $\frac{5}{12}$
(B) $\frac{1}{12}$
(C) $\frac{1}{4}$
(D) $\frac{7}{12}$

(60) જો એક ચોરસ કાગળની પરિમિતિ 64 સેમી હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 196 સેમી$^2$
(B) 256 સેમી$^2$
(C) 144 સેમી$^2$
(D) 324 સેમી$^2$

(61) નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) મકાઈ ખરીફ પાક છે.
(B) અળસી રવીપાક છે.
(C) ડાંગરને ચોમાસામાં રોપવામાં આવે છે.
(D) સોયાબીન રવીપાક છે.

(62) પેટ્રોલિયમઘટક અને તેના ઉપયોગ સંદર્ભમાં શું સાચું છે ?

(A) બિટુમીન - રંગબનાવટ
(B) પેટ્રોલ - ઈલેક્ટ્રીક જનરેટર માટેનું બળતણ
(C) કેરોસીન - હવાઈ જહાજનું બળતણ
(D) ડીઝલ - ડ્રાયક્લિનીંગ દ્રાવક

(63) નીચેનામાંથી કયું બિનસંપર્કબળ નથી ?

(A) ગુરુત્વાકર્ષણબળ
(B) ચુંબકીયબળ
(C) સ્નાયુબળ
(D) સ્થિત વિદ્યુતબળ

(64) એક પરિવારના ચાર સભ્યો પૈકી કોની અવાજની આવૃત્તિ સૌથી વધુ હોવાની શક્યતા છે ?

(A) 35 વર્ષના પતિની
(B) 31 વર્ષના પત્નિની
(C) 8 વર્ષના પુત્રની
(D) 6 વર્ષની પુત્રીની

(65) કયા દ્રાવણમાંથી વિદ્યુતપ્રવાહ પસાર થશે નહીં ?

(A) નિસ્પંદિત પાણી + ખાંડનું દ્રાવણ
(B) નિસ્પંદિત પાણી + લિંબુના રસનું દ્રાવણ
(C) નિસ્પંદિત પાણી + કોસ્ટિક સોડાનું દ્રાવણ
(D) નિસ્પંદિત પાણી + મીઠાનું દ્રાવણ

(66) આંખની રચનામાં આંખનો કયો ભાગ આંખમાં પ્રવેશતા પ્રકાશના પ્રમાણનું નિયંત્રણ કરે છે ?

(A) કીકી (PUPIL)
(B) કોર્નિયા (CORNEA)
(C) નેત્રપટલ (RETINA)
(D) કનીનિકા (IRIS)

(67) કિશોરોએ ખોરાક ગ્રહણ બાબતે સજાગ રહેવું જોઈએ કારણ કે.....

(A) કિશોરોને જુદા જુદા સ્વાદવાળી વસ્તુઓ ખાવાની બહુ ગમતી હોય છે ?
(B) આ અવસ્થામાં યોગ્ય આહાર લેવાથી મગજનો બૌદ્ધિક વિકાસ સારો થાય છે.
(C) કિશોરાવસ્થા દરમિયાન શરીરમાં થઈ રહેલી તીવ્ર વૃદ્ધિ માટે યોગ્ય ખોરાક આવશ્યક છે.
(D) કિશોરોને ખૂબ ભૂખ લાગતી હોય છે.

(68) બળતણનું કેલરી મૂલ્ય કયા એકમમાં મપાય છે ?

(A) કિલોજૂલ / કિલોગ્રામ
(B) કિલોગ્રામ
(C) કિલોમીટર / કલાક
(D) મીટર / સેકન્ડ$^2$

(69) એક તત્ત્વ ઓક્સીજન સાથે ક્રિયા કરીને ઊંચા ગલનબિંદુ ધરાવતું સંયોજન બનાવે છે. આ સંયોજન પાણીમાં દ્રાવ્ય હોય છે. તો તે તત્ત્વ કયું હોઈ શકે ?

(A) કેલ્શિયમ
(B) કાર્બન
(C) સિલિકોન
(D) લોહ / લોખંડ

(70) દહીં બનાવવા માટે દૂધને ગરમ કરીને તેમાં થોડું દહીં ઉમેરવામાં આવે છે તેનું મુખ્ય કારણ શું હોઈ શકે ?

(A) દૂધમાંથી પાણી ઓછું થાય
(B) દૂધ વધારે મીઠું બને
(C) દૂધમાં બેક્ટેરીયાની સંખ્યા વધે
(D) દૂધમાં બેક્ટેરીયાની સંખ્યા ઘટે

(71) અમીબા હલનચલન અને ખોરાક ગ્રહણ કયા અંગ દ્વારા કરે છે ?

(A) ખોટા પગ / ફૂટ પાદ
(B) અન્નધાની
(C) કોષ કેન્દ્ર
(D) રસધાની

(72) જો રસોડામાં LPG ગેસ લીક થયેલ હોય અને કોઈ વ્યક્તિ દિવો પ્રગટાવે તો અચાનક આગ લાગી શકે છે. આ ઘટના પાછળનું મુખ્ય કારણ શું હોય શકે ?

(A) LPG નું ઉત્કલનબિંદુ ઓછું છે.

(B) LPG રંગહીન છે.

(C) LPG ઓછા તાપમાને દહનશીલ છે.

(D) LPG હવામાં ઓક્સીજન સાથે ઝડપથી મિશ્રિત થાય છે.

(73) નીચે પૈકી કઈ પરિસ્થિતિમાં દબાણ ઓછું થશે ?

(A) બળ વધે અને ક્ષેત્રફળ ઓછું હોય
(B) બળ સમાન રહે અને ક્ષેત્રફળ વધે
(C) બળ વધે અને ક્ષેત્રફળ સમાન રહે
(D) ક્ષેત્રફળ ઓછું થાય

(74) એક વિદ્યાર્થી કહે છે કે "ઘર્ષણ હંમેશા હાનીકારક છે" તો શિક્ષક તેને કયા ઉદાહરણથી સમજાવશે કે ઘર્ષણ ઉપયોગી છે ?

(A) મશીન ગરમ થઈ જવું
(B) ટાયર ઘસાઈ જવું
(C) આપણે જમીન પર ચાલી શકીએ છીએ
(D) એન્જિનમાં ઊર્જાનો વપરાશ વધે

(75) ઈલેક્ટ્રોપ્લેટિંગ પ્રક્રિયામાં જે ધાતુ ચડાવવી હોય તે સામાન્ય રીતે કયા ઈલેક્ટ્રોડ સાથે જોડવામાં આવે છે ?

(A) એનોડ
(B) કેથોડ
(C) રેઝિસ્ટર
(D) સ્વીચ

(76) ભૂકંપની તીવ્રતા માપવા માટે કયું સાધન વપરાય છે ?

(A) બેરોમીટર
(B) સિસ્મોગ્રાફ
(C) થર્મોમીટર
(D) હાઈગ્રોમીટર

(77) નીચેનામાંથી કયો સુક્ષ્મજીવ જમીનની ઉત્પાદકતા વધારવામાં મદદ કરે છે ?

(A) પ્લાઝમોડિયમ
(B) રાઈઝોબિયમ
(C) સેલ્મોનેલા
(D) શેવાળ

(78) કોકનો મુખ્ય ઉપયોગ ક્યાં થાય છે ?

(A) રસોઈના ઈંધણમાં
(B) પ્લાસ્ટીક બનાવવામાં
(C) સ્ટીલ બનાવવામાં
(D) વાહનના ઈંધણમાં

(79) નીચેનામાંથી કયાં માધ્યમમાં ધ્વની સૌથી ઝડપથી પ્રસરે છે ?

(A) વાયુ
(B) પ્રવાહી
(C) ઘન
(D) ખાલી જગ્યા / અવકાશ

(80) નીચેનામાંથી કયો ધ્વનિ અલ્ટ્રાસાઉન્ડ કહેવાય ?

(A) 20 Hz થી ઓછો
(B) 20 Hz થી 20000 Hz
(C) 20000 Hz થી વધુ
(D) 100 Hz થી ઓછો

(81) નીચેના પૈકી કયું વાક્ય કર્મણિ વાક્ય નથી ?

(A) બકોર પટેલથી કારેલાં ખવાયાં.
(B) વેદાંતે જામફળ ખરીદ્યું.
(C) અકબરથી હસાયું.
(D) વિકટરથી પેપર લખાયું

(82) નીચેનામાંથી કયું દ્વિરુક્ત નથી ?

(A) ખળખળ
(B) ટપટપ
(C) આજકાલ
(D) ફટફટ

(83) 'સ્વચ્છ' શબ્દની સાચી સંધિ જણાવો.

(A) સ્વ + અચ્છ
(B) સુ + અચ્છ
(C) સ્વા + અચ્છ
(D) સ + અચ્છ

- **નીચેનો ફકરો વાંચી પ્રશ્ન 84 થી 86 ના જવાબ આપો.**

**વિવિધા ભારતી**

શ્રીમદ્ ભગવદ્ ગીતા વેદવ્યાસ રચિત મહાકાવ્ય 'મહાભારત'નો એક ભાગ છે. મહાભારતમાં અઢાર પર્વ અને એક લાખ શ્લોક છે. મહાભારતના ભીષ્મપર્વમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' છે. તેમાં પણ અઢાર અધ્યાય છે. કુરુક્ષેત્રના મેદાનમાં સામે પક્ષે સ્વજનોને જોઈને યુદ્ધ કરતાં અચકાઈ રહેલા અર્જુનને શ્રીકૃષ્ણે સ્વધર્મ અને સ્વકર્મનો જે બોધ આપ્યો તે શ્રીમદ્ ભગવદ્ ગીતા. અહીં શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયના ત્રણ શ્લોકોની વાત કરવામાં આવી છે, જેમાં શ્રીકૃષ્ણ અર્જુનને તેના ક્ષત્રિયધર્મનો બોધ આપે છે. અને આમ છતાં તું આ ધર્મયુક્ત યુદ્ધ સંગ્રામ નહિ કરે તો સ્વધર્મ અને કીર્તિને ખોઈને પાપને પામીશ. એટલું જ નહિ, બધા લોકો લાંબા કાળ સુધી તારી અપકીર્તિ પણ કહેશે અને સ્વમાની લોકો માટે તો અપકીર્તિ મૃત્યુથી પણ અધિક છે. હણાઈને તું સ્વર્ગને પ્રાપ્ત કરીશ અને જો જીતીશ તો પૃથ્વીને ભોગવીશ. તેથી હે કુંતીપુત્ર અર્જુન ! તું યુદ્ધ માટે નિશ્ચય કરીને ઊભો થા. આજના સંદર્ભમાં, જ્યારે આપણી સામે કોઈ દુવિધા આવીને ઊભી રહે ત્યારે સ્વધર્મને હંમેશા અનુસરવું. લોભ કે સ્વાર્થથી અધર્મનું આચરણ ન કરવું. સ્વધર્મ એટલે કુટુંબ, સમાજ અને દેશ પ્રત્યેનું કર્તવ્ય, જે આપણને જન્મથી પ્રાપ્ત થાય છે.

(84) ફકરામાં યુદ્ધ માટે કયો શબ્દ વપરાયો છે ?

(A) વિગ્રહ
(B) સંગ્રામ
(C) કુરુક્ષેત્ર
(D) રણ

(85) અર્જુન શા માટે યુદ્ધ કરતા અચકાય છે ?

(A) પોતાના ભાઈઓ અને વડીલો સામે યુદ્ધ કરવાનું હોવાથી

(B) અપકીર્તિ થવાના ડરને લીધે

(C) સ્વામાની લોકો માટે અપકીર્તિ મૃત્યુથી પણ અધિક હોવાના લીધે

(D) પોતાના પક્ષના સ્વજનોના મૃત્યુ થવાના ભયને લીધે

(86) ફકરા અનુસાર 'સ્વધર્મ' એટલે

(A) પોતાના ધર્મનું રક્ષણ કરવું તે

(B) સારી રીતે સ્વકર્મ કરવું તે

(C) ધર્મયુક્ત થઈને યુદ્ધ કરવું તે

(D) કુટુંબ, સમાજ અને દેશ પ્રત્યેનું કર્તવ્ય

(87) કૃતિ અને તેના રચયિતા સંદર્ભે સાચી જોડ કઈ છે ?

(A) ભૈમાણસ છે ! – ભોળાભાઈ પટેલ

(B) દુનિયા અમારી – જયંત પાઠક

(C) ચીલઝડપ – ભૂપત વડોદરિયા

(D) પહેલવહેલો નિર્ણય – ગિરીશ ગણાત્રા

(88) શબ્દાર્થની સાચી જોડ કઈ છે ?

(A) કતીલું – નાનું

(B) પીમળ – પીળા રંગનું

(C) કરવેઠું – એક પ્રકારનું જીવડું

(D) સીંદરી – ગાદી

(89) 'આ ખેલાડી સચિન તેંડુલકર જેવો છે.' – વાક્યમાં 'સચિન તેંડુલકર' શું છે ?

(A) ઉપમાદર્શક

(B) ઉપમાન

(C) ઉપમેય

(D) કર્તા

(90) સંયોજકનો સાચો ઉપયોગ થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) હું શાળાએ ગયો <u>તેથી</u> સાહેબ રજા પર હતા.

(B) શકરી સ્ત્રીએ શિખંડની વાત કરી <u>એટલે</u> <u>પુરુષ</u> બોલ્યા.

(C) તમે સમયસર સૂઈ જજો <u>પરંતુ</u> વહેલા જાગી શકશો.

(D) તું શહેરમાં જા <u>પણ</u> ભાઈને ત્યાં મોકલ.

(91) The Sun is a .................... .

(A) Star

(B) Planet

(C) Comet

(D) Moon

(92) Student can get .................... by clearing the competitive exam.

(A) scolership
(B) scolarship
(C) scholarship
(D) skolarship

(93) Which word will come third in dictionary order ?

(A) carrot
(B) careful
(C) carpet
(D) cartoon

(94) .................... is younger than Jenny.

(A) Adity
(B) Yuvraj
(C) Iqbal
(D) Diljeet

(95) Iqbal is as ...................... as Adity.

(A) young
(B) tall
(C) heavy
(D) lighter

(96) Select the correct spelling.

(A) છત – celing
(B) આનંદી – chearful
(C) તકરાર – quarrel
(D) પર્યાવરણ – enviroment

(97) ...................... will note the points in the competition ?

(A) Whom
(B) Whose
(C) Where
(D) Who

- **Read the passage and answer the following question no. 98-99 :**

There was a Babool tree in a forest. It had straight branches. It had long, white thorns at the base of each leaf tail. One day it looked at the leaves of other trees. The leaves had different shapes : round, narrow and broad. The Babool tree looked sadly at its leaves and thorns. It said to itself, "My leaves are very small and unattractive. They are not like the cute leaves of other trees. And I hate my thorns, too."

(98) Which word in the passage means 'beautiful' ?

(A) ugly
(B) cute
(C) unattractive
(D) dislike

(99) Give the similar word of 'dislike' from the passage...

(A) hunt (B) hate

(C) like (D) charming

(100) Which is the 'odd' word ?

(A) locust (B) wasp

(C) spade (D) firefly

(101) निम्नलिखित वाक्यों में से कौन-सी कहावत नहीं है ?

(A) आस्तीन का साँप होना

(B) साँप लौटना

(C) साँप सूँघ जाना

(D) साँप भी मर जाए और लाठी भी न टूटे।

(102) 'कच्छ की सैर' पाठ के अनुसार किसे 'कच्छ का प्रवेशद्वार' कहा जाता है ?

(A) सामखियाली (B) गाँधीधाम

(C) भचाऊ (D) भुज

(103) काम ...................... करो, बातें कम।

(A) अधिक (B) अभी

(C) ओर (D) धीरे

(104) 'निधि बहुत अच्छा गाना गाती है।' इस वाक्य में कौन-सा शब्द अव्यय है ?

(A) निधि (B) बहुत

(C) अच्छा (D) गाती

(105) 'कुछ न पाने पर दुःख होना' अर्थ के लिए उचित मुहावरा चुनिए।

(A) छाती पीट लेना

(B) फूट-फूटकर रोना

(C) दिल कचोटना

(D) साँप लौटना

(106) 'અ' વિભાગની વિગતોનું 'બ' વિભાગ સાથે જોડી ઉત્તર આપો.

| 'અ' | 'બ' |
|---|---|
| (a) કોર્નવૉલિસ | (i) સનદી અધિકારીઓ માટે તાલીમ સંસ્થા |
| (b) વેલેસ્લી | (ii) ન્યાયતંત્રની શરૂઆત |
| (c) વૉરન હેસ્ટિંગ્સ | (iii) આધુનિક કાયદાની શરૂઆત |
| (d) વિલિયમ બેન્ટિક | (iv) સનદી સેવાઓની શરૂઆત |

(A) a - ii, b - iv, c - iii, d - i
(B) a - iv, b - i, c - ii, d - iii
(C) a - iii, b - iv, c - i, d - ii
(D) a - iv, b - iii, c - ii, d - i

(107) સ્વાતંત્ર્ય સંગ્રામના મુખ્ય કેન્દ્રો અને તેના આગેવાનો સંદર્ભે કઈ જોડ યોગ્ય નથી ?

(A) બરેલી - તાત્યા ટોપે
(B) કાનપુર - નાનાસાહેબ
(C) બિહાર - કુંવરસિંહ
(D) લખનૌ - હજરત મહાલ

(108) મને ઓળખો.

- મેં પછાત જાતિઓને સંગઠિત કરી લડાયક તાલીમ આપી હતી.
- ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત મેં કરી હતી.

(A) વિનાયક સાવરકર
(B) દામોદર ચાફેકર
(C) વાસુદેવ બળવંત ફડકે
(D) બારીન્દ્ર ઘોષ

(109) બંગાળ, બિહાર અને તિબેટ સુધી વિસ્તરેલ ચિત્રશૈલી, જેનો મુખ્ય વિષય મહાયાન બૌદ્ધ સંપ્રદાય છે અને તેમાં લઘુચિત્રો પ્રકારનાં ચિત્રો છે. આ ચિત્રશૈલી કઈ છે ?

(A) રાજપૂત શૈલી
(B) જૈન શૈલી
(C) કાંગડા શૈલી
(D) પાલ શૈલી

(110) ટીપીને કે ગાળીને વિભિન્ન આકારમાં ઢાળી શકાતા નથી, પરંતુ પ્રહાર કરવાથી તૂટી જાય છે. આવા ખનિજો કયા ક્ષેત્રમાંથી મળી આવે છે ?

(A) આગ્નેય ખડકોના ક્ષેત્રમાંથી
(B) ગેડ પર્વતોના કાંપના ખડકસમૂહોના ક્ષેત્રમાંથી
(C) રૂપાંતરિત ખડકોમાંથી
(D) સુંદરવન મુખ્યત્રિકોણ પ્રદેશમાંથી

(111) ગુજરાતમાંથી મળી આવતા ખનિજ કોલસાના ક્ષેત્રો સંદર્ભે નીચે પૈકી કઈ જોડ યોગ્ય છે ?

(A) કચ્છ, ભરૂચ, ભાવનગર

(B) આણંદ, કચ્છ, અંકલેશ્વર

(C) લૂણેજ, પાટણ, ભરૂચ

(D) છાણી, ભરૂચ, કચ્છ

(112) રાજ્યસભા સંદર્ભે કયુ વિધાન યોગ્ય નથી ?

(A) તેનાં સભ્યની મુદત 6 વર્ષની હોય છે.

(B) તેને લોકસભાની તુલનામાં વધારે અધિકારો છે.

(C) તે કાયમી ગ્રહ છે.

(D) દર બે વર્ષે ત્રીજા ભાગનાં સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

(113) નીચે આપેલી વિગતોને આધારે જમીનનો પ્રકાર કયો છે તે જણાવો ?

– વરસાદનું પ્રમાણ ઓછું છે તેવા વિસ્તારમાં આ ખેતી કરવામાં આવે છે.

– પાણીની ઓછી જરૂર હોય તેવા પાકોની ખેતી કરવામાં આવે છે.

– જુવાર, બાજરી, કઠોળ જેવા પાક લેવામાં આવે છે.

(A) બાગાયતી ખેતી (B) જીવનનિર્વાહ ખેતી

(C) સૂકી ખેતી (D) આર્દ્ર ખેતી

(114) 'કાયમી જમાબંધી' વિશે નીચે આપવામાં આવેલ વિધાનો પૈકી કયું વિધાન તેને લાગું પડતું નથી ?

(A) આ પદ્ધતિ દ્વારા જમીનદારને જમીન મહેસૂલના હક આપવામાં આવ્યા હતા.

(B) આ પદ્ધતિને કારણે બંગાળ કંગાળ બન્યું.

(C) આ પદ્ધતિને કારણે ખેડૂતોનું શોષણ થતું હતું.

(D) થૉમસ મૂનરો દ્વારા 1783 માં કાયમી જમાબંધી દાખલ કરવામાં આવી હતી.

(115) અંગ્રેજ સરકારને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો ઘડવાનું સૂચવનાર......

(A) રાજા રામમોહનરાય

(B) ડેવિડ હેર અને વૈદ્યનાથ મુખરજી

(C) ગોપાલકૃષ્ણ ગોખલે

(D) માર્શમેન અને તેમના પત્ની

(116) સ્વાતંત્ર્યસંગ્રામના મુખ્ય નેતાઓ અને સ્થળો વિશે આપવામાં આવેલ જોડકાં સંદર્ભે કયો વિકલ્પ સાચો છે ?

| (અ) | (બ) |
|---|---|
| 1. લખનૌ | ક. કાલપી |
| 2. નાનાસાહેબ પેશ્વા | ખ. બરેલી |
| 3. રાણી લક્ષ્મીબાઈ | ગ. બેગમ હજરત મહલ |
| 4. બહાદુરખાન | ઘ. કાનપુર |

(A) 1 - ગ, 2 - ઘ, 3 - ખ, 4 - ક
(B) 1 - ખ, 2 - ઘ, 3 - ક, 4 - ગ
(C) 1 - ગ, 2 - ઘ, 3 - ક, 4 - ખ
(D) 1 - ખ, 2 - ગ, 3 - ક, 4 - ઘ

(117) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક માટે કોણ - કોણ ભૂમિકા ભજવે છે ?

(A) રાષ્ટ્રપતિ, સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ, સંબંધિત રાજ્યના રાજ્યપાલ

(B) રાષ્ટ્રપતિ, મુખ્યમંત્રી, સંબંધિત રાજ્યના રાજ્યપાલ

(C) સંબંધિત રાજ્યના રાજ્યપાલ, પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ

(D) મુખ્યમંત્રી, દેશના તમામ રાજ્યપાલ, સંસદ સભ્યો

(118) U.N. દ્વારા કરવામાં આવેલ માનવ અધિકારોની ઘોષણામાં કયા અધિકારનો સમાવેશ નહિ થાય ?

(A) ગોપનીયતાનો અધિકાર
(B) કામ વિના વેતનનો અધિકાર
(C) શિક્ષણ મેળવવાનો અધિકાર
(D) સંપત્તિનો અધિકાર

(119) એક વિદ્યાર્થી ભરતીઊર્જા વિશે નિબંધ લખે છે. નીચે આપેલ કયા દેશોનું જૂથ પસંદ કરવાથી તે ભરતીઊર્જાની મદદથી વિદ્યુત મેળવનાર દેશો દર્શાવી શકશે ? (યાદી બનાવી શકશે ?)

(A) ભારત, શ્રીલંકા, રશિયા, ઑસ્ટ્રેલિયા
(B) ભારત, ચીન, ફ્રાન્સ, યુ.એસ.
(C) રશિયા, શ્રીલંકા, આફ્રિકા, દ. અમેરિકા
(D) ફ્રાન્સ, ચીન, યુ.એસ., રશિયા

(120) નીચે પૈકી કોનો સમાવેશ સામાન્ય સુલભ સંસાધનોમાં થાય છે ?

(A) નાઈટ્રોજન
(B) ગોચર ભૂમિ
(C) યુરેનિયમ
(D) કોલસો

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

## રફ કામ માટેનું પેઈજ

QUESTION PAPER NO.
A 2735186

રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.